<u>વર્ષ ૨૦૨૪-૨૫ નવી બાબત</u>

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (GSTES) હસ્તકની એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ (EMRS) - માંગરોળ, મેઘરજ, કુકરમુંડા, ઉમરગામ તથા ઘોઘંબા શાળા સંકુલના બાંધકામ માટે કુલ રૂ.૧૨૪.૧૫ કરોડની નવી બાબતની વહીવટી મંજૂરી બાબત.

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **TDD/BUD/e-file/25/2023/1684/P**

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા</u> **:-**

(૧) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૨૮/૧૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક: GSTES/EMNEW/e-file/237/2023/0593/Civil.

(૨) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ.નો તા.૨૩/૧૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક:ગુપોહા/ટેક/એમ.ડી./૭૯૮૦/૮૧૮૭/૨૦૨૩.

(૩) નાણા વિભાગ, ગુજરાત સરકારનો તા.૦૧/૦૧૦/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક: અપબ=૧૦૨૦૨૩-૧૦૨-બજેટ.

<u>પ્રસ્તાવના</u> **:-**

ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટીના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) પરના પત્રથી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ (EMRS) - માંગરોળ, મેઘરજ, કુકરમુંડા, ઉમરગામ તથા ઘોઘંબા શાળા સંકુલના બાંધકામ માટે નવી બાબત તરીકે જોગવાઈ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. ના વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી પ્રસ્તુત બાંધકામ માટે અંદાજીત કુલ રૂ.૨૪૮.૩૦ કરોડના બ્લોક કોસ્ટ એસ્ટીમેટ રજૂ કરવામાં આવેલ હતા.

નાણા વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૩) પરના પરિપત્રથી બાંધકામની કામગીરી માટે રૂ.૫.૦૦ કરોડથી વધુ ખર્ચવાળા નવા કામો માટે જો કામ બે વર્ષમાં પુરૂં કરવાનું થતુ હોય તો અંદાજીત ખર્ચના ૫૦-૫૦ (પચાસ) ટકા જોગવાઈ કરવાનું પરિપત્રિત કરેલ છે.

આમ, ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટીના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) પરના પત્ર અન્વયે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ (EMRS) - માંગરોળ, મેઘરજ, કુકરમુંડા, ઉમરગામ તથા ઘોઘંબા શાળા સંકુલના બાંધકામ માટે રૂ.૧૨૪.૧૫ કરોડની નવી બાબતને વર્ષ ૨૦૨૪-૨૫માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર હસ્તકની એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ (EMRS) - માંગરોળ, મેઘરજ, કુકરમુંડા, ઉમરગામ તથા ઘોઘંબા શાળા સંકુલના બાંધકામ માટે કુલ રૂ.૧૨૪.૧૫ કરોડ (અંકે રૂપિયા એકસો ચોવીસ કરોડ પંદર લાખ પુરા) માટેની નવી બાબતને વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇને નીચેની શરતોને આધીન આથી નીચેની વિગતે વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(રૂ. કરોડમાં)

| ક્રમાંક | કામનું નામ | તાલુકાનું નામ | જિલ્લાનું નામ | કામની અંદાજીત રકમ | રાજ્ય સરકાર પાસેથી મેળવવાની થતી રકમ | નવી બાબત વર્ષ-૨૦૨૪-૨૫ પેટે સુચિત ૫૦% પ્રમાણે |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઈ.એમ.આર.એસ. માંગરોળ | માંગરોળ | સુરત | ૪૯.૬૬ | ૪૯.૬૬ | ૨૪.૮૩ |
| ૨ | ઈ.એમ.આર.એસ. મેઘરજ | મેઘરજ | અરવલ્લી | ૪૯.૬૬ | ૪૯.૬૬ | ૨૪.૮૩ |
| ૩ | ઈ.એમ.આર.એસ. કુકરમુંડા | કુકરમુંડા | તાપી | ૪૯.૬૬ | ૪૯.૬૬ | ૨૪.૮૩ |
| ૪ | ઈ.એમ.આર.એસ. ઉમરગામ | ઉમરગામ | વલસાડ | ૪૯.૬૬ | ૪૯.૬૬ | ૨૪.૮૩ |
| ૫ | ઈ.એમ.આર.એસ. ઘોઘંબા | ઘોઘંબા | પંચમહાલ | ૪૯.૬૬ | ૪૯.૬૬ | ૨૪.૮૩ |
| | કુલ: | | | ૨૪૮.૩૦ | ૨૪૮.૩૦ | ૧૨૪.૧૫ |

**શરતોઃ-**

(૧) આ સદર હેઠળનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ બાદ જ કરવાનો રહેશે.

(૨) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં થયેલ બજેટ જોગવાઈ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડીઝાઇન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

(૪) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૫) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૬) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૭) જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાની રહેશે.

(૮) સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

(૯) આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

(૧૦) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ

એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૨) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૭) જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૮) કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૯) પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

(૨૦) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૨૧) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૨) સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેન્દ્રીય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

(૨૩) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૨૪) GIDB ના તા. ૩૦/૦૩/૨૦૨૨ના પત્ર મુજબ PM ગતિશક્તિ ગુજરાત-ઈન્ટીગ્રેટેડ માસ્ટર પ્લાન પોર્ટલ સાથે લિંકેજ કરાવી, ઈન્ટીગ્રેશન કમ્પ્લીશન સર્ટીફીકેટ વીથ યુનિક આઈડી જનરેટ કરાવી લેવાનું રહેશે.

(૨૫) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૨૬) સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબદ્ધ નાણાકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

(૨૭) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨૯) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૩૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૩૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩૨) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૩) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર ૮૯ વી.કે.વાય-૧૫ ગુજરાત આદિજાતિ શૈક્ષણિક સોસાયટી હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DISHABEN RAJESHBHAI PATEL
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Mar-2024 (05:02 PM)

દિશા પટેલ

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના -

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર,
- માન.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર,
- અગ્ર સચિવશ્રી(આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ. વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, સેક્ટર: ૧૦/એ, ગાંધીનગર.
- તમામ પ્રાયોજના વહીવટદારશ્રી. (GSTESની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ

- સીલેક્ટ ફાઇલ